ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને
વર્ગ--૩ના તમામ સંવર્ગોની જગ્યાઓ
પરની ભરતીની અને ખાતાકીય
પરીક્ષાઓની કામગીરી સોંપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:ટપઅ-૧૦૯૭-મુમ-પર-ગ-૪,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૬/૯/૨૦૦૦.

// પ રિ પ ત્ર //

આ વિભાગના તા. ૨૭/૭/૯૯ના સરખા ક્રમાંકના ઠરાવથી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને સચિવાલયના વિભાગો, ખાતાના વડાની કચેરીઓ અને જિલ્લા કચેરીઓમાં વર્ગ-૩ની તમામ જગ્યાઓની ખાતાકીય પરીક્ષાઓ યોજવાની સઘળી કામગીરી સોંપવામાં આવી છે. આ ઠરાવને અનુલક્ષી ખાતાકીય પરીક્ષાઓ યોજવા અંગે જુદા જુદા વિભાગો તરફથી મળેલ રજૂઆતો વિચારણામાં લઈ સચિવાલયના વિભાગો, ખાતાના વડાની કચેરીઓ અને જિલ્લા કચેરીઓ માટે વર્ગ--૩ ની તમામ ખાતાકીય પરીક્ષાઓ લેવાની કામગીરીની વ્યવસ્થા આ વિભાગના તા. ૨૭/૭/૯૯ના ઠરાવ રવાના થયા પહેલાંની જેમ તા. ૩૦-૬-૨૦૦૦ સુધી યથાવત રાખવાની સૂચના આ વિભાગના તા. ૧/૨/૨૦૦૦ના સરખા ક્રમાંકના પરિપત્રથી આપવામાં આવેલ હતી.

૨. આ વિભાગના તા. ૧/૨/૨૦૦૦ના સરખા ક્રમાંકના પરિપત્રમાં જણાવ્યા મુજબ સચિવાલયના વિભાગો, ખાતાના વડાની કચેરીઓ અને જિલ્લા કચેરીઓ જે નિયમો હેઠળ ખાતાકીય પરીક્ષાઓ યોજતા હોય તે નિયમોમાં આ ખાતાકીય પરીક્ષાઓ, ગુજરાત ગૌણ સેવાપસંદગી મંડળ લઈ શકે તે માટે જરુરી સુધારાઓ સચિવાલયના ઘણા વિભાગો / ખાતાના વડાઓ દ્વારા હજુ બહાર પાડી શકાયા નથી અને તેથી આ કામગીરી મંડળ હજુ હાથ ધરી શકે તેમ નથી. આ સંજોગોમાં આ બાબતમાં હવે નીચે મુજબની કાર્યવાહી કરવા સચિવાલયના સર્વે વિભાગો અને તેમની હેઠળના ખાતાના વડાઓને આથી સૂચનાઓ આપવામાં આવે છે.

(૧) વર્ગ--૩ ની તમામ જગ્યાઓની ખાતાકીય પરીક્ષાઓ લેવાની કામગીરી આ વિભાગના તા. ૨૭/૭/૯૯ના ઠરાવ રવાના થયા પહેલાંની વ્યવસ્થા મુજબ જે તે સચિવાલયનાં વિભાગોએ/ ખાતાના વડાની કચેરીઓએ તા.૩૦/૬/૨૦૦૧ સુધી યથાવત ચાલુ રાખવી,

(૨) સચિવાલયના વિભાગો, ખાતાના વડાની કચેરીઓ અને જિલ્લા કચેરીઓ વર્ગ--૩ની જગ્યાઓની ખાતાકીય પરીક્ષાઓના જે નિયમો હેઠળ યોજવા/લેવા સક્ષમ હોય તે નિયમોમાં ઉક્ત ખાતાકીય પરીક્ષાઓ "ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજવા/લેવામાં આવશે" તે મુજબનો જરુરી સુધારો કરી થયેલ સુધારાઓની નકલો સામાન્ય વહીવટ વિભાગ અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને મોડામાં મોડા તા. ૩૧/૧૦/૨૦૦૦ સુધીમાં મોકલી આપવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સી.એમ.સદાદીયા )
ઉપસચિવ,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- ➢ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી રાજભવન, ગાંધીનગર
- ➢ માનનીય મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી ,સચિવાલય, ગાંધીનગર.
- ➢ સર્વે મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ / નાયબ મંત્રીશ્રીઓ , સચિવાલય, ગાંધીનગર.
- ➢ વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ✓ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- ✓ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ✓ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ✓ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ , ગાંધીનગર,
- ✓ રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- ✓ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- ✓ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવાપસંદગી મંડળ,ગાંધીનગર.( દશ નકલો સાથે )
- ➢ સચિવાલયના સર્વે વિભાગો ( દશ નકલો સાથે )
- ➢ સર્વે ખાતાના વડાઓ/ કચેરીઓના વડાઓ.
- ➢ નિવાસી આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, નવી દિલ્હી,
- ➢ એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૧), ઓડિટ, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
- ➢ એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૨), ઓડિટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- ➢ પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
- ➢ નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- ➢ રાજ્ય સરકારના હેઠળના સર્વે માન્ય મંડળો.
- ➢ સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
- ➢ પસંદગી ફાઈલ.

---

✓ પત્ર દ્વારા.